Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૭. આસો. અંક ૩ જો.


શ્રીમદ્ હેમચંદ્ર સૂરિકૃત

## શ્રી મહાવીર જિન સ્તોત્ર

( વ્યાખ્યા સહિત. )

( લેખક મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

अगम्यमध्यात्मविदामवाच्यं वचस्विनामक्षवतां परोक्षम् ।
श्रीवर्धमानाभिधमात्मरुपमहं स्तुतेर्गोचरमानयामि ॥ १ ॥
स्तुतावशक्तिस्तव योगिनां न किं गुणानुरागस्तु ममापि निश्चलः ।
इदं विनिश्चित्य तवस्तवंवदन्न बालिशोऽप्येष जनोऽपराध्यति ॥ २ ॥
क्व सिद्धसेनस्तुतयोमहार्था अशिक्षितालापकला क्व चैषा ।
तथापि युथाधिपतेः पथस्थः स्खलद्गतिस्तस्यशिशुर्नशोच्यः ॥ ३ ॥
जिनेन्द्र यानेव विबाधसे स्म दुरन्तदोषान्विविधैरुपायैः ।
त एवचित्रं त्वदसूययेव कृताः कृतार्थाः परतीर्थनाथैः ॥ ४ ॥
यथा स्थितंवस्तु दिशन्नधीश न तादृशं कौशलमाश्रितोऽसि ।
तुरंगशृङ्गाण्युपपादयद्भ्यो नमः परेभ्यो नवपाण्डितेभ्यः ॥ ५ ॥
जगत्यनुध्यानबलेन शश्वत्कृतार्थयत्सु प्रसभं भवत्सु ।
किमाश्रितोऽन्यैःशरणं त्वदन्यः स्वमांसदानेन वृथा कृपालुः ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वयं कुमार्गं लपतां नु नाम प्रलम्भमन्यानपि लम्भयन्ति ।
सुमार्गगं तद्विदमादिशन्तमसूययान्धा अवमन्वते च ॥ ७ ॥
प्रादेशिकेभ्यः परशासनेभ्यः पराजयो यत्तव शासनस्य ।
खद्योतपोतद्युतिडम्बरेभ्यो विडम्बनेयं हरिमण्डलस्य ॥ ८ ॥
शरण्य पुण्ये तव शासनेऽपि संदेग्धि यो विप्रति पद्यतेवा ।
स्वादौसतथ्ये स्वहिते च पथ्ये संदेग्धि वा विप्रतिपद्यतेवा ॥ ९ ॥
हिंसाद्यसत्कर्मपथोपदेशादसर्वविन्मूलतया प्रवृत्तेः ।
नृशंसदुर्बुद्धि परिग्रहाच्च ब्रूमस्त्वदन्यागममप्रमाणम् ॥ १० ॥

ભાવાર્થ—૧ અધ્યાત્મી પુરૂષોને પણ જે અગમ્ય છે,બૃહસ્પતિ જેવા સમર્થ વિદ્વાનોવડે પણ અવાચ્ય છે,અને છદ્મસ્થ જનોને પરોક્ષ છે એવા શ્રી વર્ધમાન નામના ચરમ તીર્થંકર મહારાજની હું સ્તુતિ કરૂં છું.

૨ હે પ્રભો ! તારી સ્તુતિ કરવાને તો યોગી પુરૂષો પણ અશક્ત છે. તેમ છતાં કેવળ ભક્તિભરથી પ્રેરાયેલા તે તારી સ્તુતિ કરે છે-કરી શકે છે. તેવી રીતે ગુણાનુરાગ યા ભક્તિભાવ તો મારે પણ દ્રઢ નિશ્ચળ છે. એમ સમજીને તારી સ્તુતિ કરતો હું મૂર્ખ છતો કંઇ ભૂલ કરતો નથી. અર્થાત્ ભક્તિ ભાવથી પ્રેરાયેલો હું આપની સ્તુતિ કરવી ઠીક માનું છું.

૩ શ્રી સિદ્ધસેનસૂરિ જેવા સમર્થ વિદ્વાને કરેલી ગંભીર અર્થવાળી સ્તુતિ ક્યાં ? અને જેને બોલતાં પણ પુરૂં આવડતું નથી એવા મારી જેવા મૂર્ખે બનાવેલી સ્તુતિ ક્યાં ? બંનેમાં અંતર તો સ્વભાવિક રીતે ઘણું મોટુંજ છે, તો પણ હસ્તીરાજના પગલે ચાલનાર એવું તેનું બચ્ચું માર્ગમાં ક્વચિત્ કિંચિત્ સ્ખલાયમાન થાય તે કંઇ શોચ કરવા યોગ્ય નથી.

૪ હે જિનેશ્વર ! તપ સંયમાદિક વિવિધ ઉપાયોવડે જે રાગ દ્વેષાદિક દુષ્ટ દોષોનો આપે ક્ષય કર્યો છે તે દોષોનોજ અન્ય લૌકિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવોએ આપની ઈર્ષાથીજ હોય નહિં ! તેમ સ્વીકાર કર્યા છે તે આશ્ચર્યકારક વાત છે.

૫ હે નાથ ! યથાસ્થિત વસ્તુ સ્વરૂપને કથન કરતા આપ અસમંજસ ભાષી એવા આધુનિક પંડિતો જેવી કુશળતા બતાવતા નથી. શશલાને પણ શીંગડા લાવનાર એવા અન્ય મતાંતરીય નવીન પંડિતોને નમસ્કાર !

૬ હે શરણ્ય ! જગતમાં સદ્ધર્મ દેશના બળથી આપ સદા અત્યંત અનુગ્રહ કરતા છતાં અન્ય જનોએ સ્વમાંસ દેવા ઇચ્છા બતાવનારા બુદ્ધ દેવનો કેમ આશ્રય કર્યો; આ વાત જગતમાં ભારે ભ્રમ પેદા કરનાર નથી ? છે જ. કિંતુ બારીકીથી બુદ્ધદેવનું ચરિત્ર જોતાં તથા તદનુયાયી જનોનું વર્તન નિહાળતાં સમદૃષ્ટિના મનનું સહજ સમાધાન થઇ શકે છે કે કૃપાનો ડોળ રચીને લોકોને ભ્રમજાળમાંજ નાખીને તેણે સ્વમતનો વિસ્તાર કરવા પ્રયત્ન કર્યો છે.

૭ ગુણદ્વેષી–ઈર્ષાલુ લોકો કુમાર્ગને લવી પોતે તો ડૂબે છે જ, પરંતુ અન્ય જનોને પણ કુમાર્ગમાં પ્રવર્તાવી ભવસાયરમાં ડૂબાવે છે. વળી પ્રબળ મોહ–મિથ્યાત્વના યોગે અંધ બનીને, સન્માર્ગગામીની, સન્માર્ગના જાણની અને સનમાર્ગ બતાવનારની અવગણના–હેલના કરે છે.

૮ જેમ ખજૂઆની કાંતિથી સૂર્યમંડળનો પરાભવ થવો અશક્ય છે તેમ એકાંતવાદી એવા અન્ય દર્શનો પણ હે પ્રભો ! તારા શાસનનો પરાભવ કદાપિ કરી શકે જ નહિં. તારૂં અનેકાંત શાસન સદા વિજયવંત છે.

૯ શરણ કરવા લાયક અને પવિત્ર એવા આપના શાસનમાં જે મુગ્ધ આત્મા સંશય ધરે છે અથવા અશ્રદ્ધા કરે છે તે હતભાગ્ય સ્વાદિષ્ટ, સત્ય અને સ્વહિતકારી પથ્ય ભોજનમાં સંશય અથવા અશ્રદ્ધા કરવા જેવુંજ કરે છે. તેવા મંદ ભાગ્ય જનો કદાપિ આત્મોન્નતિ સાધી શકતાજ નથી.

For Private And Personal Use Only

૧૦ હિંસાદિક અસત્ કર્મકાંડ બતાવવાથી અનાપ્ત-અસર્વજ્ઞ જનોએ પ્રવર્તાવ્યાથી અને નિર્દય એવા દુર્બુદ્ધિ જનોએજ સ્વીકારવાથી અન્ય કપોલકલ્પિત આગમો અપ્રમાણ છે. એથી ખરી આત્મોન્નતિ સાધી શકાતીજ નથી.

---

## " કુધારામાં નિંદ્રાવશ મનુજની જાગૃતિ.

( રાગ ગીરધારીનો— )

બાઇ ભાઇરે પૈસો લ્યો કન્યા આપી, તેમાં સુખ મળે ન કદાપી.
કેઈ દીકરી પૈસો લીધોરે, જગદીશ્વરથી નત્ર બીધોરે,
થયો લોભી વિચાર નહિ કીધોરે, વેચી તેનેરે, નિશાસાની ધખની વ્યાપી;
જે બાર વરસની બાળારે, જુવે સ્વામી જરાવસ્થા વાળારે,
થાય દુરાચારીણી. તે દારારે, ભવબાળે રે, હશે કોઇ પીતા પાપી;
શ્વાન કરણે કીટક પડેરે, તેમ તનયા પૈસો નડેરે,
દુઃખ પડે વિમાશી રડે રે, નીજ સ્વાર્થેરે, ઉછળતી કુંપળ કાપી;—

લેખક.
**નાથાલાલ અંબાલાલ જૈન.**
રંગુન.
નીવાસી—નારદીપુર.

---

## આત્મ જ્ઞાનનો સરલ-શુદ્ધમાર્ગ

(આત્મબોધ).

( ગતાંક પૃષ્ટ ૪૭થી શરૂ )

**સમ્યક્ત્વ સ્વરૂપને પ્રતિપાદન કરવાને** હવે જયારે આત્મબોધ પ્રાપ્ત કરવામાં સમ્યક્ત્વજ છેતો તેનું સ્વરૂપને પ્રતિપાદન કરવાને તેની ઉત્પત્તિની રીતિ આ પ્રમાણે છે.

**તેની ઉત્પત્તિ રીતિ** કોઇ અનાદિ કાલનો મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વને લઈને અનંત પુદ્ગલ પરાવર્ત્તન સુધી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અપાર સંસાર રૂપી ગહનમાં ભમી ભમી ભવ્યપણાના પરિપાકને પામી તેને લઇ પર્વતની નદીના જલના વેગમાં ઘસડાતા પાષાણના ઘસારાની જેમ માંડ માંડ અનાભોગથી નિવૃત્તિ એવા યથાપ્રવૃત્તિ કરણરૂપ પરિણામ વિશેષથી ઘણાં કર્મની નિર્જરા કરતો અને થોડા કર્મને બાંધતો સંજ્ઞી જીવપણું પ્રાપ્ત કરે છે. પછી પલ્યોપમના અસંખ્યેય ભાગથી ન્યુન એવા એક સાગરોપમ કોટીની સ્થિતિવાલા આયુષ્ય શિવાયના સાત કર્મોને કરે છે.જીવને પોતાના દુષ્કર્મથી ઉપજા થયેલ ઘાટા રાગ દ્વેષના પરિણામ રૂપ,કઠોર અને ઘાટા લાંબા કાલની લાગેલ ગોપાએલ વક્રગ્રંથિ ( ગાંઠ ) ના જેવો દુર્ભેદ્ય અનેપૂર્વ કદિ નહીં ભેદાએલ ગ્રંથિ છે,એ ગ્રંથિ સુધી અભવ્ય જીવો પણ યથાપ્રવૃત્તિકરણવડે કર્મને ખપાવી અનંતવાર આવે છે. અને તે ગ્રંથિ દેશમાં રહેલ અભવ્ય જીવ અથવા ભવ્ય જીવ સંખ્યેય અથવા અસંખ્યેય કાલ સુધી રહે છે.તેમાં કોઇ અભવ્ય જીવ ચક્રવર્તી વગેરે અનેક રાજાઓએ જેમને શ્રેષ્ઠ પૂજા, સત્કાર, અને સન્માન આપેલ છે, એવા ઉત્તમ સાધુઓને જોવાથી, અથવા જીન સમૃદ્ધિના દેખવાથી અથવા સ્વર્ગના સુખ વગેરેના પ્રયોજનથી દીક્ષા ગ્રહણ કરી દ્રવ્ય સાધુપણાને પ્રાપ્ત કરી પોતાની મહત્તા વગેરેની અભિલાષાથી ભાવસાધુની જેમ પ્રતિલેખનાદિ ક્રિયાઓના કલાપને આચરે છે. અને તે ક્રિયાનાબલથી ઉત્કૃષ્ટા નવમા ગ્રૈવેયક સુધી પણ જાય છે. અને કોઇ નવમા પૂર્વ સુધી માત્ર સૂત્રપાઠ જાણે અર્થ જાણતો નથી,કારણકે,અભવ્ય જીવોને પૂર્વધર લબ્ધિનો અભાવ છે,તેથી તે માત્ર દ્રવ્યશ્રુત મેલવે છે.કોઇ મિથ્યાત્વી ભવ્ય જીવ તો ગ્રંથિદેશમાં રહી કાંઇક ઉણા દશ પૂર્વ સુધી દ્રવ્યશ્રુત મેલવે છે.એથીજ કાંઇક ઉણા દશપૂર્વસુધી શ્રુત પણ મિથ્યાશ્રુત થઈ જાય. કારણ કે,તે મિથ્યાત્વીએ ગ્રહણ કરેલ છે અને જેને પૂર્ણ દશપૂર્વ શ્રુત થાય તેને નિશ્ચે સમ્યકત્વ થાય છે, અને બાકીના કાંઇ ઉણા દશપૂર્વધર વગેરેમાં સમ્યકત્વ થવાની ભજના છે એટલે સમ્યકત્વ થાય અથવા ન પણ થાય. તેને માટે કલ્પભાષ્યમાં નીચે પ્રમાણે કહ્યું છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"चउदस दसय अभिन्ने, नियमा सम्मं तु सेसए भयणा."**

એ પછી કોઇ મહાત્મા કે જેને પરમ નિવૃત્તિ—મોક્ષનું સુખ નજીક છે અને જેના અનિવાર્ય વીર્યનો વેગ ઘણી રીતે ઉલ્લાસ પામેલો છે, તે મહાત્મા તીક્ષણ ખડ્ગની ધારાની જેમ પરમ શુદ્ધ અધ્યવસાય વિશેષ રૂપ અપૂર્વકરણવડે જેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે, એવા ગ્રંથિનો ભેદ કરી અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. ત્યાં પ્રતિસમયે શુદ્ધ થતો તે તેજ કર્મોને નિરંતર ખપાવતો અને ઉદય આવેલા મિથ્યાત્વને વેદતો તે જે ઉદય આવેલ નથી તેને ઉપશમ કરવારૂપ અંતર્મુહૂર્ત કાલના પ્રમાણવાલા અંતરકરણમાં પ્રવેશ કરે છે.

**પ્રવેશ કરવાનો વિધિ.**

અંતકરણની સ્થિતિના મધ્યમાંથી દલિયા લઇ જ્યાંસુધી અંતરકરણના દલીયા સઘળા ક્ષય પામે ત્યાંસુધી પ્રથમની સ્થિતિમાં નાંખે છે.એવી રીતે અંતર્મુહૂર્ત્તના કાલે કરી સર્વ દલિયાનો ક્ષય થઇ જાયછે. તે પછી જ્યારે તે અનિવૃત્તિકરણ સમાપ્તથાય અને ઉદીરણા કરેલ મિથ્યાત્વને ભોગવવાથી ક્ષીણ થતાં, અને નહીં ઉદીરણા કરેલ મિથ્યાત્વને પરિણામ વિશેષથી રોકતાં ખારી જમીનની જેમ મિથ્યાત્વનો વિવર પામીને એટલે જેમ સંગ્રામને વિષે મોટો સુભટ વૈરીનો જય કરીને અત્યંત આલ્હાદને પામે તેમ કર્મે આપેલા માર્ગને પામીને પરમ ઉત્કૃષ્ટ આનંદમય અને અપૌદ્ગલિક એવા ઉપશમ સમ્યક્ત્વને પામે છે. જ્યારે જીવ ઉપશમ સમ્યક્ત્વને પામ્યો તે વખતે જેમ ઉન્હાળાના તાપમાં તપાઇ ગયેલો કોઇ જીવ બાવનાચંદનથી અત્યંત શીતળતાને પામે છે, તેમ તે જીવને ઉપશમ સમ્યક્ત્વના રસથી પોતાના આત્માની અંદર અત્યંત શીતળતા પ્રગટ થાય છે. તે પછી ઉપશમ સમ્યક્ત્વને વિષે વર્ત્તતો જીવ સત્તાને વિષે વર્ત્તતા એવા મિથ્યાત્વને શોધી તેની ત્રણ પુંજ રૂપે વ્યવસ્થા કરે છે. જેમ કોઇ મેણાના કોદરાને શોધે છે,તે શોધતાં કેટલાએક શુદ્ધ થઇ જાયછે, કેટલાએક અર્ધા શુદ્ધ થાયછે અને કેટલાએક તેવા ને તેવા જ રહેછે. એમ જીવ પણ અધ્યવસાયે કરીને જિનવચનની રૂચિને રોકનારા દુષ્ટરસનો ઉચ્છેદ કરી મિથ્યાત્વને શોધે છે, તે શોધતાં છતાં શુદ્ધ,અર્ધ શુદ્ધ અને અશુદ્ધ, એમ ત્રણ પ્રકારે થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ત્રણ પુંજમાં જે શુદ્ધ પુંજ છે, તે સર્વજ્ઞ ભગવંતના ધર્મને વિષે સમ્યકત્વની પ્રાપ્તિમાં રોકવાવાળો નથી; તેથી તે સમ્યકત્વ પુંજ કહેવાય છે, અને બીજો જે અર્ધ શુદ્ધ પુંજ છે, તે મિશ્રપુંજ કહેવાય છે. તે મિશ્રપુંજનો ઉદય થવાથી જિન ધર્મને વિષે ઉદાસીનતા હોય છે, અને અશુદ્ધ પુંજના ઉદયથી અરિહંત—સિદ્ધાદિકને વિષે મિથ્યાત્વપણાની પ્રાપ્તિનો ઉદય થાય છે, તેથી તે મિથ્યાત્વપુંજ કહેવાય. છે, એટલે શુદ્ધદેવ અરિહંતને કુદેવ માને અને શુદ્ધ ગુરૂને કુગુરૂ માને તે મિથ્યાત્વ કહેવાય છે. તેજ અંતરકરણે કરી અંતર્મુહૂર્ત્ત કાલ પર્યંત ઔપશમિક સમ્યકત્વ અનુભવ્યા પછી તરતજ નિશ્ચયથી શુદ્ધ પુંજના ઉદયથી ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ થાય છે અને અર્ધ શુદ્ધ પુંજના ઉદયથી મીશ્ર અને અશુદ્ધ પુંજના ઉદયથી સાસ્વાદન ગુણસ્થાન ફરસવાપૂર્વક મિથ્યાદૃષ્ટિ થાય છે. તે સાસ્વાદન ગુણસ્થાન જઘન્યપણે એક સમય પ્રમાણ અને ઉત્કૃષ્ટથી છ આવળી પ્રમાણ છે. વળી પ્રથમનું ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત થતાં કોઈ જીવ સમ્યકત્વની સાથેજ દેશવિરતિપણાને પણ પામે છે અને કોઇ જીવ પ્રમત્ત ભાવના છઠા ગુણસ્થાનને પામે છે અને કોઇ જીવ સાસ્વાદન ગુણસ્થાન પામી મિથ્યાદૃષ્ટિ પણ થાય છે. શતકની–બૃહદ્ ચૂર્ણીમાં તે વિષે કહ્યું છે–

**उवसम सम्म दिठी अंतरकरणठिओ कोइ देशविरइंपि ॥**
**लहइ कोइ पमत्तभावंपि सासायणो पुण न किंपि लहे इति ॥१॥**

બીજું કાંઈ ન પામે એમ કર્મગ્રંથનો અભિપ્રાય કહેલો છે. હવે સિદ્ધાંતનો અભિપ્રાય કહે છે—

અનાદિ મિથ્યાદૃષ્ટિ કોઇ ગ્રંથિભેદ કરીને તેવી રીતના તીવ્ર પરિણામ સાથે અપૂર્વકરણમાં આરૂઢ થઇ મિથ્યાત્વના ત્રણ પુંજ કરે છે, તે પછી અનિવૃત્તિ કરણના સામર્થ્યથી શુદ્ધ પુંજના પુદ્ગલોને વેદતા ઉપશમ સમકિત પામ્યા વગરજ તેને પ્રથમથીજ ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે.

અન્ય આચાર્ય વળી આ પ્રમાણે કહે છે. " યથાપ્રવૃત્તિ વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ કરણ કરીને અંતરકરણને પેહેલે સમયે ઉપશમ સમ્યકત્વ પામે-છે, પણ તે ત્રણ પુંજને કરતો નથી અને તે પછી ઉપશમ સમ્યકત્વથી પડી અવશ્ય મિથ્યાત્વમાંજ જાય છે." આ વિષે તત્ત્વ શું છે? તે કેવળી ભગવાન્ જાણે છે.

હવે કલ્પ ભાષ્યને વિષે કહેલ ત્રણ પુંજનો સંક્રમણ વિધિ બતાવે છે—મિથ્યાત્વના દલિયા રૂપ જે પુદ્ગલો છે, તેમને ખેંચીને જે સમ્યગ્દૃષ્ટિ તે જેના પરિણામ વિશેષ વધતા છે તે સમ્યકત્વ અને મિશ્ર એ બંનેની મધ્યે સંક્રમાવે છે, અને સમ્યગ્દૃષ્ટિ મિશ્ર પુદ્ગલોને સમ્યકત્વમાં સંક્રમાવે છે, અને મિથ્યાત્વી મિશ્ર પુદ્ગલોને મિથ્યાત્વમાં સંક્રમાવેછે અને સમ્યકત્વના પુદ્ગલોને મિથ્યાદૃષ્ટિ મિથ્યા-ત્વને વિષે સંક્રમાવે છે પણ મિશ્રમાં સંક્રમાવે નહીં—એ પ્રકારે પણ મિથ્યાત્વ ક્ષીણ ન થયું હોય ત્યાંસુધી સમ્યગ્દૃષ્ટિઓ નિયમાએ ત્રણ પુંજવાલા હોય છે. મિથ્યાત્વનો ક્ષય થતાં નિશ્ચે બે પુંજવાલા હોય-છે, અને મિશ્રનો ક્ષય થતાં એક પુંજવાલા હોય છે, અને સમ્યકત્ત્વ-નો ક્ષય થતાં ક્ષાયિક સમકિતી હોય છે, ઉપર જ્યાં જ્યાં સમ્યકત્વ, મિશ્ર અને મિથ્યાત્વ એ ત્રણ શબ્દો યોજવામાં આવ્યા છે, ત્યાં ત્યાં મોહનીય સબ્દ સાથે જોડવાથી સમ્યકત્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એમ જુદા નામ પડે છે.

વલી કર્મગ્રંથના અભિપ્રાયે એમ છે કે, "પહેલવેલો સમ્યકત્વ પામેલો જીવ સમ્યકત્વમાંથી પતિત થઇ મિથ્યાત્વને પામ્યા છતાં ફરીથી ઉત્કૃષ્ટ સ્થિતિવાલી કર્મ પ્રકૃતિને બાંધે છે, અને સિદ્ધાંતના અભિપ્રાય પ્રમાણે એમ છે કે, જેણે ગ્રંથિભેદ કરી સમ્યકત્વ પ્રાપ્ત કરેલ છે, એવો જીવ સમ્યકત્ત્વથી પતિત થઇ પુનઃ કર્મની ઉત્કૃષ્ટ સ્થિ-તિ બાંધતો નથી. આ સ્થલે સમ્યકત્વના વિચારને માટે ઘણી ચર્ચા છે, પણ તે બીજા ગ્રંથોથી જાણી લેવું.

**સમ્યકત્વના ભેદ.** સમ્યકત્વ કેટલા પ્રકારનું છે? તેવી શંકા થતાં તેને દૂર કરવાને સમ્યકત્વના ભેદ બતાવવામાં આવે છે—સમ્યકત્વ એક પ્રકારે છે, તેમ બે, ત્રણ, ચાર, પાંચ અને દશ પ્રકારે પણ છે, એમ અનંતજ્ઞાની શ્રીતીર્થ-કર ભગવાને કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યકત્વનો એક પ્રકાર શી રીતે થાય ? તે કહે છે. **તત્ત્વશ્રદ્ધાન** એટલે તત્ત્વને વિષે શ્રદ્ધા તે સમ્યકત્વનો એક પ્રકાર છે. શ્રી જિનભગવાને ઉપદેશ કરી બતાવેલા જીવ–અજીવ વિગેરે પદાર્થને વિષે સમ્યક્ પ્રકારે જે શ્રદ્ધા એટલે ધારણાની રૂચિ તે સમ્યકત્વનો એક પ્રકાર છે.

સમ્યકત્વના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકાર થાય છે, જે પરિણામની વિશુદ્ધિથી મિથ્યાત્વિના પુદ્ગલોને વિશુદ્ધિ કરવા તે "દ્રવ્યસમ્યકત્વ" કહેવાય છે, એટલે તેમાં પુદ્ગલ દ્રવ્યને શોધી શુદ્ધ કરવાથી તે દ્રવ્ય શુધ્ધ થયું, માટે તે **દ્રવ્ય સમ્યકત્ત્વ** કહેવાયછે, અને જે તેના આધારભૂત થઇ જીવને જિનેશ્વરે કહેલા વચનને વિષે તત્ત્વશ્રદ્ધા થવી તે બીજું " **ભાવસમ્યકત્ત્વ** " કહેવાય છે.

વલી નિશ્ચય અને વ્યવહારના ભેદથી સમ્યકત્વ બે પ્રકારનું થાય છે. જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ જે આત્માના શુભ પરિણામ તે " **નિશ્ચયસમ્યકત્ત્વ** " કહેવાય છે. અથવા "જ્ઞાનાદિ પરિણામથી આત્મા અભિન્ન છે. એટલે જુદો નથી " આવું જે શ્રદ્ધાથી માનવું તે " **નિશ્ચયસમ્યકત્ત્વ** " કહેવાયછે. તેને માટે કહ્યું છે કે—

" आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति "॥१॥

યતિને આત્માજ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. કારણકે જ્ઞાન દર્શન ચારિત્ર રૂપજ આત્મા આ શરીરને વિષે રહેલો છે. કારણકે જો તે આત્માથી ભિન્ન હોય તો મુક્તિના હેતુ રૂપ થઇ શકતા નથી.

વળી નિશ્ચયથી પોતાનો જીવજ દેવ નિષ્પન્ન સ્વરૂપ વાલો છે તેમ પોતાનો આત્મા તત્ત્વ રમણરૂપ ગુરૂ પણ છે અને પોતાના જીવનો જે જ્ઞાનદર્શન સ્વભાવ તેજ ધર્મ છે. તે શિવાય કોઇ બીજો નથી. આવું જે શ્રદ્ધાન તે નિશ્ચય સમ્યકત્વ કહેવાય છે. આ સમ્યકત્વજ મોક્ષનું કારણ છે તેથી જીવને સ્વરૂપના જ્ઞાન વિના કર્મક્ષયરૂપ મોક્ષ થતોજ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંત ભગવાન તે દેવ છે, સુધર્મનો ઉપદેશ આપી મોક્ષમાર્ગને દેખાડનાર તે ગુરૂ છે, અને કેવલી ભગવંતે કહેલો દયામૂલ ધર્મ તે ધર્મ છે, ઈત્યાદિક પદાર્થ તરફ સાતનય ચાર પ્રમાણ અને ચાર નિક્ષેપવડે જે તત્ત્વશ્રદ્ધાન તે નિશ્ચયસમ્યકત્વનું કારણભૂત વ્યવહાર સમ્યકત્ત્વ કહેવાય છે. અહિં કહેવાનું તાત્પર્ય એ છે કે, જેના રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન ગયેલા છે, તેજ દેવ કહેવાય. તેવા દેવ તો શ્રી અરિહંત ભગવાન્ છે. બીજા હરિ, હર બ્રહ્માદિક દેવ નથી, એટલે તે દેવોમાં દેવત્વ નથી, કારણ કે તેઓને વિષે સ્ત્રી, શસ્ત્ર, જપમાલા આદિ રાગાદિકના ચિન્હો પ્રગટપણે વર્ત્તે છે.

અહિં કદાચ કોઇ પ્રશ્ન કરે કે, ભલે કદિ તે દેવને મુક્તિના દાતાપણું ન હોય તો પણ તેમનામાં રાજ્ય–ધન દોલતનું દાતાપણું તેમજ રાગાદિક કષ્ટનું વારવાપણું છે, તેથી આ જગતમાં કહેવાતા જે દેવ–તે નામ દેવને વિષે સાક્ષાત્ જોવામાં આવે છે. તેના જવાબમાં જણાવવાનું કે—

"એમ કહેવું યોગ્ય નથી. કારણ કે, જો એવા દેવ કહેવાતા હોય તો રાજા પ્રમુખ તથા વૈદ્યોમાં દેવપણું કેમ ન કહેવાય ? પણ રાજા પ્રમુખ અને વૈદ્યો સામા પુરૂષના કર્મને અનુસારેજ આપનારા છે, તેથી અધિક આપનારા નથી, કેમકે વધારે આપવાની તેમની શક્તિ જ નથી, તેમની તેટલીજ પ્રવૃત્તિ છે, વળી તે દેવના સર્વ ભક્ત રાજાઓ નીરોગી હોય, તે અનુભવથી પણ વિરૂદ્ધ છે. કહ્યું છે કે,— જે પુરૂષ (જીવ) પોતે જેવા કર્મ કરે છે અથવા તેણે જેવાં કરેલાં છે, તે જીવ તેવા પ્રકારે કર્મનું શુભાશુભ ફલ ભોગવે છે એટલે તેવા પ્રકારના ભોગને પામે છે તે વિષે હવે વિશેષ કહેવાની જરૂર નથી.

આ જગત્માં જે દેવ કહેવાય છે, તે સર્વ દેવતત્ત્વને લાયક નથી. જે અઢાર દૂષણથી રહિત તથા રાગ દ્વેષથી રહિત છે, તે દેવ કહેવાય છે અને તેજ મારા શુદ્ધ દેવ છે. જે પૃથ્વીકાય વગેરે છ કાય જીવની વિરાધનાથી નિવૃત્તિ પામ્યા છે અને ઉત્તમ જ્ઞાનવાન્ છે, તેજ મારા શુદ્ધ ગુરૂ છે. પરંતુ જેમની સર્વ આરંભમાં પ્રવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને જે નિરંતર છકાય જીવની હિંસા કરનારા છે, તેવા મારા ગુરૂ નથી, એમ નિશ્ચય દૃષ્ટિવંત ભવ્ય જીવને સમ્યકત્વ હોય છે.

તેથી સર્વમાં વિરતિ પ્રમાણભૂત છે. વિરતિભાવ વિના ગુરૂપણું પણ તાર્ય તારકપણાને અયોગ્ય છે તે વિષે કહ્યું છે કે,—

" दुन्निवि विसयासत्ता दुन्निवि धणधन्नसंगहसमेआ ।
सीस गुरू समदोसा तारिज्जइ ज्ञणसु को केण" ॥१॥

" ગુરૂ અને શિષ્ય બંને વિષયમાં આસકત છે, બંને ધન તથા ધાન્યના સંગ્રહથી યુકત છે, તેથી બંને સરખા દોષવાલા છે, તો તેમાં કોણ કોને તારે ? તે કહે. " ૧

જેથી અઢાર દુષણવાળા અને રાગદ્વેષ યુક્ત જે હોય તે જેમ દેવગણાતા નથી તેમ જેમની આરંભમાં પ્રવૃત્તિ છે, છકાય જીવની વિરાધનાથી જે વિરામ પામ્યા નથી અને ઉત્તમ જ્ઞાનવાન નથી તેમનો પ્રરૂપેલ ધર્મ પણ પ્રમાણભૂત નથી. કારણ કે તેઓ સર્વજ્ઞના વચનને અનુસારે ધર્મને કહેતા નથી, જે સર્વજ્ઞના વચનને અનુસારે કહેવામાં આવે તેજ ધર્મ ગણાય છે તેથી કેવલી પ્રરૂપિત ધર્મજ શ્રેષ્ઠ છે, આ પ્રમાણે સમ્યક્ પ્રકારની શુદ્ધ રૂચિ—શ્રધ્ધા હોય તે વ્યવહાર સમ્યકત્વ કહેવાય છે, કારણ કે વ્યવહારનયનો મત પણ પ્રમાણજ છે. તે વ્યવહારનયના બળથીજ તીર્થની પ્રવૃત્તિ છે. જો તે નયને પ્રમાણભૂત ન માનીએ, તો તીર્થનો ઉચ્છેદ થઈ જાય. શાસ્ત્રમાં કહ્યું છે કે

" जइ जिणमयं पवज्जह, तामा ववहार निच्छयं मुयहा
ववहारनउच्छेइए तिथ्युच्छेओ जउवस्समिति " ॥ १ ॥

જો તમારે જિનમત અંગીકાર કરવો હોય તો તમે નિશ્ચય અને વ્યવહાર બંને નયને છોડશો નહીં. તેમાં વ્યવહારનયને છોડવાથી અવશ્ય તીર્થનો ઉચ્છેદ થાય છે.

હવે સમ્યકત્વ બે પ્રકારે પણ શાસ્ત્રકારે બતાવેલું છે તે કહેવામાં આવશે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનદર્શન અને તેનું સંક્ષિપ્ત દિગ્દર્શન.

## " ગણિતાનુયોગ. "

ગતાંક ૧ લા પૃષ્ઠ થી શરૂ.

લેખક—success

જૈનદર્શનસ્થિત દ્રવ્યાનુયોગ પછી તે મહા પ્રાસાદના દ્વિતીય દ્વારરૂપ ગણિતાનુયોગના વિવેચનની આવશ્યકતા પૂર્વ નિયમાનુસાર સન્મુખ આવે છે. દ્રવ્યાનુયોગની વસ્તુ સ્થિતિ જેમ જૈન દર્શનની તલસ્પર્શી ગહનતાને સૂચવનાર છે તેમ ગણિતાનુયોગની સંકળના એટલા બધા પ્રમાણમાં અને વિસ્તૃત મર્યાદામાં છે કે ગણિત જેવા તર્ક અને બુદ્ધિથી સાધ્ય થઇ શકે તેવા સામાન્ય વિષયમાં અન્ય દર્શનોને સરખામણીમાં પાછળ રાખેલા છે. પ્રસ્તુત દર્શનવર્તી ગણિતાનુયોગ કૂપમંડુકતાને તજી મહાસાગરની વિશાળ સીમાને લોકાંત સુધી દર્શાવનાર અદ્ભુત ગણિતયંત્ર (arithmetic machine) છે. હાથમાં રહેલા નિર્મળ જળની પેઠે સર્વ જગતને પ્રત્યક્ષ પણે દેખ્યું છે જેમણે એવા સર્વજ્ઞોવડે પ્રણીત થયેલું આ દર્શન હોવાથી તેમાં યૂરોપ એશિઆ આદિ વર્તમાન ચાર ખંડોનો સમાવેશમાત્ર ભરતક્ષેત્રના એક નાના વિભાગમાં થાય છે,તે ઉપરાંત બીજા અનેક ખંડો, દેશો, નદીઓ અને પર્વતો જે અત્યારે વિદ્યમાન અવસ્થામાં દૃષ્ટિગોચર થઈ શકતા નથી તે ભરતક્ષેત્રમાં મોજુદ છે. આ અનુયોગના સારભૂત વિવેચનને માટે પણ એક મોટો ગ્રંથ તૈયાર કરવો પડે તેવી સ્થિતિ હોવાથી સંક્ષિપ્તપણે અમુક વિભાગમાં દર્શાવી સમાપ્ત કરવામાં આવશે.

લોક અને અલોકરૂપ એ મુખ્ય વિભાગમાં લોકનું આખું નામ 'ચઉદ રાજલોક' એવા શબ્દોવાળું છે. રાજ એ અસંખ્યેય યોજન પ્રમાણુવાળું માપ છે. ચોદરાજલોક કે જેમાં સર્વ પ્રાણી પદાર્થોનો સમાવેશ થયેલો છે તેનો સમગ્રપણે આકાર એક પુરૂષ જેણે પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંને પગોને પહોળા કરેલ છે, બંને હાથને કટીપ્રદેશ ઉપર રાખેલા છે, તેવી સ્થિતિવાળો છે. લોકના આકારને દૃષ્ટાંતપણે બતાવનારા તે કલ્પિત પુરૂષના આકારવાળા શરીરના મધ્ય ભાગની નીચે અનુક્રમે પહેલી બીજી વિગેરે સાત નરક પૃથ્વી રહેલી છે. મધ્ય ભાગથી નીચે અને નરક પૃથ્વીની ઉપર ભુવનપતિ તથા પરમાધાર્મિક વિગેરે દેવોના આવાસ સ્થાનો છે. કલ્પિત પુરૂષના આકારવાળા લોકના મધ્ય ભાગ રૂપ તીર્છાલોકમાં આપણે અને આપણને દ્રશ્ય અને અદ્રશ્ય પ્રાણી પદાર્થો રહેલા છે. અહીં પંદર કર્મભૂમિના ક્ષેત્રો, ત્રીશ અકર્મભૂમિનાક્ષેત્રો, છપ્પન અંતર દ્વીપો, જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરવરદ્વીપ વિગેરે અસંખ્યેય દ્વીપો અને તેની આસપાસ લવણ, કાલોદધિ આદિ અસંખ્ય સમુદ્રો સર્વજ્ઞ શાસ્ત્રમાં નામ અને યોજનાદિના પ્રમાણો પુરઃસર દર્શાવેલા છે. તદ્દન છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. કે જે પછી લોકમર્યાદા સંપૂર્ણ થઇ અલોકની શરૂઆત થાય છે. અહીંથી ઉપર સાતસેંથી નવસેં યોજન ઉંચે જ્યોતિર્મંડલના વિમાનો છે. અત્રસ્થિત ચંદ્ર સૂર્ય અને ગ્રહાદિની ગતિઓવડે મનુષ્ય લોકમાં જ્યોતિઃશાસ્ત્ર નિર્માણ થયેલું છે. જૈનદર્શનના અનેક ગ્રંથો જ્યોતિઃશાસ્ત્રના ગણિતથી ભરચક હતા પરંતુ દુઃષમકાલોદ્ભવ પ્રાણીઓના કમનસીબે આપણા પૂર્વજોની બેકાળજીથી વિચ્છેદ થઇ ગયેલા છે, પરંતુ ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ જેવા બે મહાન્ ગ્રંથો જે ચતુર્દશપૂર્વધર શ્રીમદ્ ભદ્રબાહુ સ્વામી વિરચિત છે તે વિદ્યમાન છે એ લાખો નિરાશામાં એક અમર આશા છે; પરંતુ તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા ઉદ્યમની ખામીએ જ્યોતિઃશાસ્ત્રના લાભોની આશાને મૃતવત્ કરી દીધી છે.

જ્યોતિર્મંડલની ઉપર ઘણે દૂર ઉત્તર અને દક્ષિણ દિશામાં એકજ સપાટીમાં બબે મળી આઠ દેવલોક છે અને તેની ઉપર એક ઉપર એક એમ અનુક્રમે ચાર દેવલોક મળી કુલ બાર દેવલોક છે. ઉપર આગળજતાં નવ ગ્રૈવેયક છેત્યાં અહમિંદ્રપણું હોવાથી ચડતી ઉતરતી પદવી વિગેરે વ્યવહાર નથી. તે ઉપર પાંચ અનુત્તર વિમાનો છે. સૌથી છેલ્લું વિમાન 'સર્વાર્થ સિદ્ધ' નામવાળું છે ત્યાં એકાવતારી પ્રાણી જઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે. તે ઉપર પીસ્તાળીશ લાખ યોજન લાંબી પહોળી સ્ફટિક રત્નની શિલા છે તે સિદ્ધ શિલાના નામથી ઓળખાય છે. જ્યાં સિદ્ધના જીવો સાદિ અનંતકાળ રહે છે. અઢીદ્વીપ કે જે તિર્છાલોકમાં મનુષ્ય લોક તરીકે ગણાયલો છે તે પીસ્તાળીશ લાખ યોજનપ્રમાણવાળો છે. જંબુદ્વીપ એક લક્ષ યોજનનો છે. તેની પરીધિ ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૨૮ ધનુષ્ય અને ૧૩ અંગુલ પ્રમાણ છે. સર્વ મળી શાશ્વતી નદીઓ તીર્છાલોકમાં ૧૪૫૬૦૦૦ સંખ્યાવાળી છે. ભરતક્ષેત્રનું પ્રમાણ પાંચસેં છવીસ યોજન છ કળાનું છે. શાશ્વત તીર્થો સર્વ મળી તીર્છાલોકમાં માગધ વરદામાદિ એકસો એની સંખ્યામાં છે. તીર્છાલોકની મધ્યમાં સુવર્ણમય સુમેરૂ પર્વત લક્ષ યોજનના પ્રમાણ વાળો છે. બીજા કંચનગિરિ, ગજદંતા, વખારાગિરિ વિગેરે સર્વ મળી બસેં ઓગણોતેર પર્વતો છે. ચોત્રીશ વિજય છે. પદ્માદિ છ મોટા દ્રહો છે. ઉર્ધ્વલોક તીર્છાલોક અને ભુવનપતિ આદિ નિકાયોને વિષે જિન ભુવનોની સંખ્યા સાતક્રોડ ને બહોંતેર લાખ જેટલી છે. તે સર્વ ચૈત્યોમાં જિનબિંબોની સંખ્યા આઠસો ત્રીશ કોટી, છોંતેર લાખની છે. તીર્છાલોકમાં શાશ્વત જિન ચૈત્યો ચારસો તેસઠ છે. તેની અંદર સર્વ મળી પચાસ હજાર ને ચાર જિનબિંબો છે. ઉર્ધ્વ લોકમાં અનુત્તર વિમાન સુધી ચોરાસી લાખ સત્તાણું હજાર ને તેવીસ વિમાન છે તેટલાજ ચૈત્યો છે અને તેમાં સર્વ મળી એકાણું કોટી છોતેંર લાખ અઠોતેર હજાર ચારસો ચોરાસી જિનબિંબો છે. આ ઉપરાંત યુગલિક ક્ષેત્રો જંબુશાલ્મલિ પ્રમુખ વૃક્ષો, ગંગા, સિંધુ, સીતા, સીતોદા પ્રમુખ મહા નદીઓ વિગેરેનું સવિસ્તર મર્યાદાવાળુ જ્ઞાન લઘુસંઘયણ, બૃહત સંઘયણાદિ ગ્રંથોમાં પ્રતિપાદન થયેલું છે. જે જોવાથી સર્વજ્ઞ દ્રષ્ટિ કેટલી વિસ્તારવાળી હશે તેની સંક્ષિપ્તપણે આપણ પામર પ્રાણીઓને ઝાંખી થઇ શકે છે, કેટલાક અધ્યાત્મી કહેવાતા મનુષ્યો ગણિતાનુયોગના વિષયને શુષ્ક ગણી તેનો અનાદર કરે છે અને બીલકુલ તે અનુયોગ ભણી દ્રષ્ટિ કરતા નથી તેવાઓએ સમજવું જોઈએ કે ગણિતાનુયોગ એ લોક સ્વરૂપનું દ્રવ્ય જ્ઞાન છે અને દ્રવ્યાનુયોગ એ તેનું ભાવજ્ઞાન છે. ભાવજ્ઞાનને દ્રઢ અને મજબૂત કરવાને માટે દ્રવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનની આવશ્યકતા છે એમ શાસ્ત્ર ખુલ્લી રીતે કહે છે. જો કે એટલું તો છે કે ગણિતાનુયોગના વિષયમાં રચી પચી રહી દ્રવ્યાનુયોગરૂપ સાધ્યથી બેનસીબ રહેવું એ શિષ્ટસંમત નથીજ, પરંતુ તેથી ગણિતાનુયોગ કે જે જૈન દર્શનમાં અગ્રપદ ધરાવે છે તેનું બહુમાન ઓછું થાય એ તિરસ્કરણીય છે. ગણિતાનુયોગના જ્ઞાનથી કુપમંડૂકતા દૂર થાય છે, દ્રવ્યલોક વિશાળ અને વિસ્તૃત દેખાય છે, મગજશકિત તર્કનિપુણ બને છે, જ્ઞેય પદાર્થોનો સંગ્રહ થઈ જાય છે, અનેક ક્ષેત્રોનું જ્ઞાન થવાથી કદાચ જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને ખુદ દ્રવ્યાનુયોગના ષડ્દ્રવ્યોનો સમાવેશ કેટલી મર્યાદામાં થાય છે વિગેરે જ્ઞાનપૂર્વક અનેક મહાન્ લાભો પ્રત્યક્ષપણે રહેલા છે. તેને માટે વિશેષ કહેવાની અગત્યતા પૂર્ણ થવા સાથે શાસ્ત્રાવલોકનને માટે સૂચના કરવામાં આવે છે.

## કથાનુયોગ.

જૈનદર્શનનું સ્વરૂપ સમજવાને માટે તૃતીય નેત્ર રૂપ ધર્મકથાનુયોગ છે. આ નેત્રવડે હેય ઉપાદેયની પ્રવૃત્તિ યથાર્થ સમજી શકાય છે. આ અનુયોગમાં કથાઓનો મોટો સંગ્રહ છે. ઐતિહાસિક નવલકથાઓ જે અત્યારે ભૂપૃષ્ઠ ઉપર વિદ્યમાન છે તેમના અવલોકનથી નાયકોનાં વીરત્વ, હિંમત, શૌર્ય, સૌજન્ય, ક્ષમા અને આર્જવાદિ સદ્ગુણો તેમજ ક્રોધ, ઇર્ષ્યા, અભિમાન, પ્રપંચાદિ દુર્ગુણોની તુલના થઈ શકે છે. કથાઓ એ સજ્જન અને દુર્જનની પ્રવૃત્તિઓના બોધ લેવા લાયક દ્રષ્ટાંતો હોવાથી અર્થવાહક છે. પ્રાણી માત્ર જે હેયોપાદેય પ્રવૃત્તિમાં યત્ન કરવા તત્પર થતા નથી અથવા તે તેમને રૂચતું નથી તેઓ જ્યારે કથાનુયોગના દ્રષ્ટાંતો વાંચે છે અને તે ઉપર મનન કરે છે ત્યારે તેઓ શુદ્ધાશુદ્ધ પ્રવૃત્તિઓની કોટિ જાણી શકે છે અને પરિણામે હિતકારક પ્રવૃત્તિમાં જોડાય છે. ઘણા પ્રાકૃત પ્રાણીઓને કથાઓ વાંચવામાં બહુ રસ જામતો જણાય છે, પરંતુ તેઓએ તેથી હર્ષિત થવાનું નથી. જ્યારે કથાના અંગોને દરેક વિભાગમાં વહેંચી સારભૂત પદાર્થ સમજી શકાય અને અસારભૂત તજી દેવાને પ્રવૃત્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલ થવાય ત્યારેજ ધર્મકથાનુયોગ દ્વારવડે જૈનદર્શનની મર્યાદામાં પ્રવેશ કરી શકાય છે.

ધર્મકથા સિવાયની કથાઓ—વિકથાઓ અનેક પ્રકારે રાજકથા ભક્તકથા, કામકથા, અર્થકથા, વિગેરે હોય છે. કથાનાયકો જેમના જેમના સંબંધમાં આવેલા હોય તે સંબંધી વર્ગ અનેક રંગી હોય છે. કેટલાક પ્રસંગોમાં સજ્જનો દુર્જનોની કસોટીમાં આવે છે અને તે વખતે અનેક રીતે હેરાન થવું પડે છે. કેટલાક મહાનુભાવ નાયકોના પ્રસંગમાં આવેલો વર્ગ વિષયી અને કષાયથી અભિભૂત હોય છે, કેટલાક નાયકો વ્રતાદિ ગ્રહણ કરી સંકટમાં આવી પડતાં શિથિલ થઇ જાય છે, અમુક નાયકો સંસારમાં રક્ત રહી અંતરંગ કુટુંબના સંબંધથી દૂર રહી બહિરંગ કુટુંબનું હિંસા, અપ્રમાણિકપણું, ચોરી વિગેરેથી પોષણ કરવામાં સાર્થકતા સમજતા હોય છે, કોઇ પરસ્ત્રી લંપટ થઇ લજ્જાને દૂર મૂકી અકાર્યમાં તત્પર થાય છે, આ અને આવાજ પ્રકારોથી ભરપૂર ચિત્રો કથા શરીરમાં આલેખન કરાયલા હોય છે. આવા વિચિત્ર રંગી ચિત્રોમાંથી હેયાદિવસ્તુને જાણી લેવી એ ધર્મકથાનુયોગના શ્રવણ અને વાંચનનું અંતિમ રહસ્ય છે. આ બાબતનું સમર્થન શ્રીમદ્ સિદ્ધર્ષિ ગણીના નીચેના શ્લોકોથી દ્રષ્ટિ ગોચર થાય છે.

अर्थं कामं च धर्मं च तथासंकीर्णरूपताम् ।
आश्रित्य वर्त्ततेल्लोके कथातावच्चतुर्विधा ॥ १ ॥

साक्लिष्ट चित्तहेतुत्वात् पापसंबंध कारिका ।
तेनर्दुर्गतिवर्त्तन्याः प्रापणेप्रवणामता ॥ २ ॥

सा मल्लीमस कामेषु रागोत्कर्ष विधायिका ।
विपर्यासकरी तेन हतुर्भूतैव र्दुर्गतेः ॥ ३ ॥

साशुद्धचित्तहेतुत्वात्पुण्यकर्म विनिर्जरे ।
विधत्तेतेनविज्ञेया कारणं नाक मोक्षयोः ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**त्रिवर्ग साधनोपाय प्रतिपादन तत्परा:**
**धानेकरस सारार्था सासं कीर्णकथोच्यते ॥ ५ ॥**

" આ લોકમાં ચાર પ્રકારની કથા અર્થ, કામ, ધર્મ અને સંકીર્ણ નામની છે. અર્થ કથા અંતઃકરણને કલુષિત કરવાના કારણને લઈને પાપઉપાર્જન કરાવી દુર્ગતિપાતક ગણાયલી છે. કામકથા રાગજનક ઇચ્છાઓ ઉત્પન્ન કરનારી હોવાથી કુગતિના અનંતર કારણભૂત છે. ધર્મકથા અંતઃકરણને નિર્મળ કરનાર હોવાથી પુણ્ય અને પાપ કર્મની નિર્જરા કરે છે અને તેમ થવાથી સ્વર્ગ અને મોક્ષના કારણભૂત તરીકે ગણાયલી છે. સંકીર્ણ કથા જુદા જુદા રસવાળી હોવાથી ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગની સાધનાના ઉપાયભૂત મનાયલી છે.

કથાશરીરના ઉત્તમાંગ ધર્મકથામાં ઉત્તમ પંકિતમાં ગણાયલા મનુષ્યોનાં જીવનચરિત્રો બોધનીય એટલા માટે હોય છે કે તેઓના ચરિત્રો ઉત્તમ સદ્ગુણોથી ભરચક હોવાથી જગત્‌ના ઇતિહાસના અમરપૃષ્ટો ઉપરમુદ્રિત થાયછે અને ભવિષ્યની સર્વ પ્રજા મુખ્યત્વે એ મહાકાર્યથી એમની સ્મૃતિ સાચવી શકેછે અને પછીથી તજ્જન્ય અનુકરણ કરવામાં પ્રયત્નશીલ બને છે.જીવનચરિત્રોના પાત્રોની જીવન્ત મૂર્તિઓ કે જેઓએ પોતાની સુગંધને પૃથ્વીના પટ ઉપર પાથરી દીધી હોય છે તેવી જીવન્ત મૂર્તિઓ વાંચકોના હૃદયમાં ઉત્સાહ પ્રેરી હૃદયને પુરૂષાર્થ પ્રેમી બનાવે છે. એક વિદ્વાને કહ્યું છે કે " જે ચરિત્રો અથવા કથાઓ વાંચકના હૃદયમાં મલિન ભાવને નિર્બલ કરી ઉચ્ચભાવને ઉત્તેજિત કરે નહિ અથવા તે મહાન્ પ્રતિભાનું પ્રતિબિંબ બતાવી વાંચકની શકિતઓને વિકાસ આપે નહિ તે માત્ર ચક્ષુનો વ્યાપાર છે. " મહાત્માઓની કથામાંથી શું મળી શકે છે તે સંબંધે એક ઇંગ્રેજ નીચે પ્રમાણે વિચારો બતાવે છે.

One comfort is that great men taken up in any way are profitable Company.

જે મનુષ્યો ખરેખર મોટા હોય છે તેઓના જીવનને ગમે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટિથી નિહાળીએ તોપણુ તેમાંથી કાંઇક બોધદાયક અથવા ઉત્કર્ષ કરે તેવું મળ્યા વિના રહેતું નથી '

આમ હોવાથી મનુષ્ય જીવનની સફળતા મહાત્માઓની જીવન કથાઓમાંથી અવશ્ય સાર ગ્રહણરૂપ હંસ ચંચુવડે મિથ્યા જ્ઞાન રૂપ પાણીને છોડી દઇ શુદ્ધ જ્ઞાનરૂપ દુગ્ધથી આત્માને પુષ્ટ કરવા પ્રયત્નશીલ થવાથી થઇ શકે એ નિર્વિવાદ સત્ય છે. ક્રમશઃ આ અનુયોગ ચરણકરણાનુયોગમાં પ્રવૃત્તિનું અનંતર કારણુ થઇ જાય છે. તત્ત્વ ગ્રહણ કરી આત્મોન્નતિમાં કર્તવ્ય પરાયણ થવું એ ધર્મકથાનો સત્ય અને અદ્વિતીય સિદ્ધાંત છે. જૈન કથાનુયોગ એટલો બધો વિશાળ અને વિસ્તૃત છે કે જૈનેતર દર્શનોની કથા સમુદાયની તુલનામાં તે અગ્ર પદે આવી શકે છે. વળી જૈન કથાનુયોગમાં ભાગ્યેજ કલ્પિત કથાઓનો સંભવ છે અને કદાચ હશે તો તે માત્ર દાર્ષ્ટાંતિક અર્થનો ભાવાર્થ ઉત્પન્ન કરવાને માટે જ. પરંતુ પ્રસ્તુત કથાનુયોગમાં ન્યૂનતા ભાસતી હોય તો તે એ છે કે જે મહાન્ આચાર્ય અને ઉપાધ્યાયોની ગ્રંથ સમૃદ્ધિ વિસ્તૃત પ્રમાણુમાં મળી આવે છે તેમના જીવનચરિત્રો સંપૂર્ણપણે સાચવી શકાણા નથી. જેટલા મળી શકે છે તેટલા તદ્દન અપૂર્ણ સ્થિતિમાં છે. આ દોષ ગ્રંથસમૃદ્ધિ સાચવવાથી બેદરકાર રહેલા પૂર્વકાલીન જૈનોને શિર સર્જિત થયેલો છે.

વ્રતનું યથાર્થ પાલન કરનાર અથવા વ્રત વિરાધક કથાનાયકોના બોધદાયક ચરિત્રો વાંચકોનાં હૃદયમાં સજ્જડ છાપ પાડી શકે છે, તેના દૃષ્ટાંતો પાંચવ્રત ઉપર અનુક્રમે હરિબલ, વસુરાજા, રૌહિણેય, સુદર્શન અને નંદ આદિ પ્રસિદ્ધ નરોના છે. અનેક રંગી દ્રષ્ટાંતોથી ભરપૂર કથાનુયોગ છે તે શાસ્ત્રાવલોકનથી માલૂમ પડીઆવે તેમ છે, જેમકે ગિરિશુક અને પુષ્પશુકના દૃષ્ટાંતોમાંથી સદસદ્ સંગતિના લાભાલાભનો પરિણામે સાર મળી શકે છે. સંક્ષિપ્તપણે પૂર્ણ કરી નિમ્નલિખિત શ્લોકના અલંકાર સાથે કથાનુયોગનો ઉપસંહાર કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इहामुत्रचजंतूनां सर्वेषाममृतोपमाम् ।
शुध्धांधर्मकथांधन्याः कुर्वंतिहितकाम्यया ॥

અપૂર્ણ.

# બાર વ્રતના અંતરંગ હેતુઓ.

( ગત અંકના પૃષ્ટ પરથી શરૂ ).

પાંચ અણુવ્રત પછી ત્રણ ગુણવ્રતો આવેછે, જેનાથી આત્માને ગુણની પ્રાપ્તિ થાય છે, તેથી તે ગુણવ્રત કહેવાય છે. તેમાં પેહેલું દિગ્વ્રત નામે ગુણ વ્રત છે. પૂર્વ પશ્ચિમ વગેરે દશ દિશાઓમાં આટલા કોશથી અગાડી ન જવાની–દશે દિશાઓમાં ગમન–જવાનું પરિમાણ કરવું તેવી તેમાં પ્રતિજ્ઞા કરવામાં આવે છે. આ વ્રતથી પ્રાણી સંતોષના ઉચ્ચ સુખનો આનંદ અનુભવી શકે છે. પ્રાચીન મહાત્માઓએ એ હેતુને ગર્ભિત રાખી અને હિંસાની પ્રવૃત્તિ અટકાવવાની ઇચ્છા ધારણ કરી આવ્રતની યોજના કરેલી છે.

આ પહેલાં ગુણ વ્રતના પણ પાંચ અતિચાર છે કરેલી મર્યાદાથી વિશેષ ઉંચું ચઢવું, નીંચે ઉતરવું: તિરછાં જવું, ક્ષેત્રની મર્યાદા વધારી લેવી અને મર્યાદાઓને ભૂલી જવી આપાંચ અતિચાર એ વ્રતને ભંગ કરનારા છે. એ અતિચારથી રહિત એ ગુણવ્રત પાળવાથી માણસ સંતોષના પૂર્ણ અંશોને મેલવી અનાસકત પણે સ્વધર્મ અને સ્વકર્તવ્ય સાધી શકે છે.

દિશાઓની મર્યાદામાં પ્રતિબદ્ધ થયેલો મનુષ્ય કર્ત્તવ્ય પરાયણ થઈ અનુક્રમે આત્મભાવ ઉપર આસકત થઇ શકે છે. જે આત્મભાવના બલથી પોતે નિર્લેપ, અબાધ,આનંદમય અને સર્વ સમાન આત્મ ભાવ ધારણ કરનાર હોઇ ઉચ્ચ દશાનો અધિકારી થાય છે અને કાવતરાં, કપટ, દુર્બુધ્ધિ એ બધાથી છુટી કેવલ પરમાર્થના માર્ગનો પથિક બને છે. વિશ્વોપકારી મહાત્માઓ એ આવા ઉત્તમ હેતુઓને લઈને આ પહેલા ગુણવ્રતની યોજના કરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું ગુણુ વ્રત **ભોગોપભોગ પરિમાણુ** નામે છે. અન્ન, જલ, ગંધ, પુષ્પ ઈત્યાદિ ભોગ્ય રૂપ પદાર્થો, તથા વસ્ત્ર, આભૂષણ, ઘર, બીછાના અને વાહન વગેરે ઉપભોગ્ય પદાર્થોનું પરિમાણ કરવું તથા કંદમૂળ, કાંદા માંખણ, વિગરે અનંતકાય અભક્ષ્ય વિગેરે પદાર્થો ત્યાગ કરવાં તે **ભોગોપભોગ પરિમાણુ** નામનું બીજું ગુણવ્રત કહેવાય છે.તેના પાંચ અતિચાર છે.૧ સચિત્ત ૨ સચિત્ત સાથે બંધાયેલું ૩ સચિત્ત સાથે મિશ્ર થયેલું ૪ મદિરાના સંધાન વીગેરેની સાથે મળેલું અને ૫ અડધુ કાચું અને અડધું પાકું એ તેના પાંચ અતિચાર છે,તેમજ કર્મ એટલે આજીવીકાને માટે આરંભ તેને આશ્રીને જેમના તીવ્ર કર્મ છે, એવા અને નિર્દય જનને યોગ્ય એવા કઠોર કર્મના આરંભ કરનારા એવા અંગાર કર્મ વગેરે બીજા પંદર અતિચાર છે તે વીશ અતિચારો ટાળવાથી બીજું ગુણવ્રત નિર્દોષ રીતે પલી શકે છે.

આ સંસારના ભોગ તથા ઉપભોગના અનેક પદાર્થો દ્રષ્ટિગત થાયછે, તે સંસારી ગૃહસ્થના હૃદયને પોતા તરફ આકર્ષી જાય છે. અને તેથી ગૃહસ્થ વિષયોના પ્રવાહમાં તણાઈ સ્વધર્મ અને સ્વકર્ત્તવ્યથી ભ્રષ્ટ થઇ જાય છે. જ્યાં જ્યાં ઐહિક વૈભવની વૃદ્ધિ થાય છે, ત્યાં ત્યાં ધર્મનું બંધન પ્રાયઃ શિથિલ થઇ પડે છે. ધર્મનું ફળ અદ્રષ્ટ છે એટલે પ્રત્યક્ષ રીતે દ્રષ્ટિમાં આવે તેવું નથી. અને આલોક વૈભવ વિલાસોનું ફળ દ્રષ્ટ છે; પ્રત્યક્ષ રીતે દ્રષ્ટિમાં રાગદ્વેષની તૃપ્તિ રૂપે ઉતરી શકે છે. અવિચારી અને અજ્ઞાની મનુષ્યો દ્રષ્ટ ફળને મુકી અદ્રષ્ટ ઉપર શ્રદ્ધા કરી શકતા નથી. જ્યાં વૈભવાદિ સમૃદ્ધિ અને ઐહિક ભોગ સાધનની સામગ્રી પ્રાપ્ત થઇ ત્યાં તેના મન ઉપર ઝેરી વિષ ચડી જાય છે કે, જેથી તે અદ્રષ્ટ એવા ધર્મના ફળ ઉપર શ્રદ્ધા રહિત થઇ વિષય સાગરમાં મગ્ન બની ધર્મ ભ્રષ્ટ થઇ જાય છે. સમૃદ્ધિનો યોગ થતાં અદ્રષ્ટ એવા ધર્મના ફળ ઉપર દ્રષ્ટિ રાખવાનું કોઈ પુણ્યવાન્ ભવી આત્માનેજ સુસાધ્ય છે. આવા હેતુથી વિશ્વોપકારી આર્હત મહાત્માઓએ આ બીજા ગુણવ્રતની યોજના કરેલી છે. ભોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ઉપભોગ્ય રૂપ વિવિધ વિષ વૃક્ષોથી ભરપૂર એવી વિષય વાટિકામાં વિહાર કરનારો મનુષ્ય કદિપણ પોતાના સ્વરૂપનો વિચાર કરી શકતો નથી; એમ એ મહાત્માઓ પોતાની જ્ઞાન દ્રષ્ટિથી જોતા હતા. વળી તેઓ જાણતા હતા કે, વૈભવના વિલાસમાં મગ્ન થયેલા મનુષ્યો પ્રમાદી અને સ્વચ્છંદી થઈ જાય છે, પરસ્પરમાં કલહ વધારે છે, ધર્મની જે ઉચ્ચ ભાવના છે, તે તરફ દૃષ્ટિ ન રાખી અધર્મી બની જાય છે, વ્યવહારની વ્યવસ્થાનો ભંગ કરે છે, અને અનુક્રમે સપ્ત વ્યસનોને સેવનારા થાય છે. આવો સૂક્ષ્મ વિચાર કરી તે મહાત્માઓએ ભોગોપભોગ વિરતિના વ્રતની આવશ્યકતા દર્શાવી છે; તે મહાત્માઓની તે યોજનાને ધન્યવાદ આપતાં એક જૈન વિદ્વાન્ આ પ્રમાણે લખે છે.—

" भोगोपभोग विरति व्रतं गृहनिवासिनाम् ।
इहा मुत्रेष्टदं प्रोक्तं तीर्थकृद्भिर्महात्मभिः ॥ १ ॥

" મહાત્મા તીર્થંકરોએ ભોગોપભોગ વિરતિ નામે વ્રત ગૃહસ્થોને આ લોક તથા પરલોકમાં ઇચ્છિતને આપનારૂં કહેલું છે." ૧

વિષયોમાં અતિ આદર રાખવાથી મનોવૃત્તિમાં અનેક જાતના અશુભ વિચારો પ્રગટ થાય છે અને તેથી તેવા મલિન મનની અંદર શુભ વિચારો કે શુભ ભાવનાઓ પ્રવિષ્ટ થતી નથી.ભોગવેલા વિષયોને વારંવાર યાદ કરવાથી મન સર્વદા દુર્ધ્યાન કર્યા કરે છે અને તે વિષયો મેલવવાને માટે અનેક જાતના કુવિચારો પ્રગટાવે છે; આથી તે ગૃહસ્થ આત્મિક ભાવથી ઘણોજ દૂર થઈ જાય છે.વિષય ભોગવવામાં અતિશય આસક્તિ રાખવાથી માણસ કાર્યાકાર્યનો વિચાર કરતો નથી.તે પોતાના ધર્મ અને કર્ત્તવ્યથી વિમુખ બની જાય છે. વિષયા શકિતની ભાવના જ્યાં તીવ્ર રૂપે પ્રગટ થાય છે, ત્યાં ધર્મ, અધર્મ, ન્યાય, અન્યાય, ખરૂં, ખોટું અને જવાબદારી વગેરે કાંઇ પણ જોવામાં આવતું નથી. કદિ ગૃહસ્થ મનુષ્ય વિદ્વાન હોય અને વિવેકી દેખાતો હોય પણ જો તેના હૃદયમાં વિષયાસકિતએ સ્થાન કરેલું હોય તો તે માણસની વિદ્વતા અને વિવેકિતા એ ઉભય ગુણો નકામા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ જાય છે. તેની વિદ્યા અને વિવેક વાલી દૃષ્ટિમાં અંધતા આવી જાય છે.

જેઓ આગામી વિષયોના સેવનમાં તૃષ્ણા રાખે છે અને વિષય નહીં ભોગવતા છતાં વિષય ભોગવવાની ભાવના ભાવ્યા કરે છે, તેઓની માનસિક સ્થિતિ એવી બની જાય છે કે, જેથી તેઓ આ લોકની ધર્મ અને વ્યવહારની ઉચ્ચ સ્થિતિમાં કદિપણ આવી શકતા નથી. અને કદિ તેઓ ઉચ્ચ સ્થિતિમાં આવ્યા હોય તો તેમાંથી ભ્રષ્ટ થઇ અધમ સ્થિતિમાં આવી જાય છે.

આવા આવા અનેક હાનિકારક બનાવોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી પૂર્વના મહાત્માઓએ બીજા ગુણવ્રતની ઘટના રચેલી છે. જો માણસ એ વ્રતને નિરતિચારપણે પાળે છે, તો તેથી તે ઉભયલોકમાં વિજયી થઇ શકે છે.

ત્રીજું અનર્થદંડ વિરતિ નામે ગુણવ્રત છે. અર્થ કહેતાં પ્રયોજન એટલે સ્વજન–ઈંદ્રિયો સંબંધી શુદ્ધ ઉપકાર રૂપ પ્રયોજન તેને અર્થદંડ એટલે સાવદ્ય અનુષ્ઠાન કરવા રૂપ તે અર્થ દંડ, તેમજ આપણું હિત અહિત નથી તોપણ અન્યને પાપકારક ઉપદેશો દેવા, અથવા હિંસા કરવા માટે શસ્ત્રાદિ ઉપકરણો દેવા, ખોટી વાતોનું ચિંતવન કરવું, કુકથા–કુવાર્ત્તાઓ વાંચવી, સાંભળવી અથવા પ્રમાદથી પ્રવર્ત્તવું, નઠારૂં ધ્યાન કરવું, ઈત્યાદિ અનર્થ દંડ ગણાય છે. તેનાથી વિરકત થવું, તે **અનર્થ દંડ વિરતિ** નામનું બીજું ગુણ વ્રત છે.

અનર્થ દંડના ઉપર કહેલા પ્રવર્ત્તનોથી માણસ અધમાધમ સ્થિતિમાં આવી જાય છે અને આ સંસારની પાપમય વિકટ અને વિષમ જાળમાં ફસાઇ સ્વધર્મ અને સ્વકર્ત્તવ્યથી વિમુખ બની જાયછે. પછી ક્ષુદ્ર જીવનમાં આવેલો તે માણુસ અમુક પ્રકારની પાપમય ભાવનાઓનું પુતળું બની જાય છે. અનેક અનેક પાપમય વાસનાઓ તેના મનમાં રમ્યા કરે છે. અને આખરે અનેક જાતના અત્યાચારોનો તે ઉપાસક બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે અનર્થ દંડ વિરતિના પણ પાંચ અતિચાર છે. ૧ અશ્લીલ વચન બોલવા, ૨ લજ્જા પામી ચિત્ર લખવું અથવા લજ્જા પામી પોતાની ચેષ્ટા કરવી, ૩ વ્યર્થ બકવાદ કરવો ૪ અનાવશ્યક ઉપભોગની સામગ્રી વધારવી અને ૫ કામનો અંદાજ કર્યા વગર અધિક કરવું આ પાંચ અતિચારો ટાળવાથી તે અનર્થ દંડ વિરતિ નામનું ગુણ વ્રત નિર્દોષ રીતે પલે છે.

અશ્લીલ વચન બોલવા—એ ગૃહસ્થની કુલીનતાને અને શ્રાવકતાને હીણપદ લગાડનારા છે. કુલીન પુરૂષોના મુખમાંથી જે વચનો પ્રગટ થાય, તે લોકોને રૂચિકર હોવા જોઈએ. લજ્જા પામીચિત્ર લખવું અથવા લજ્જા પામી પોતાની ચેષ્ટા કરવી (પોતાની હલકાઈ જણાવનાર મુખનેત્ર વિગેરેના વિકાર પૂર્વક હાસ્યને ઉત્પન્ન કરનારી ભાંડ-ભવૈયા જેવી વિડંબન ક્રિયા કરવી) એ પણ અયોગ્ય વર્ત્તન ગણાય છે. એવા વર્ત્તનથી ગૃહસ્થ પોતાની પ્રતિષ્ઠા ગુમાવે છે, અને લોકોમાં હાસ્યનું ભાજન થાય છે. વ્યર્થ બકવાદ કરવો, એટલે અસભ્ય, અસત્ય અને અસંબંધ એવું બહુ બોલવું એ તો અકુલીનતા અને અશિક્ષણના પરિણામો કહેવાય-છે, તેવા પુરૂષની ઉપર કોઈને વિશ્વાસ ઉત્પન્ન થતો નથી, એટલુંજ નહીંપણ તેની તરફ તિરસ્કાર છુટે છે. અનાવશ્યક ઉપભોગોની સામગ્રી વધારવી, એમાં વ્યર્થ ધન વ્યય અને મૂર્ખતા પ્રગટ થાય છે. ઉપભોગોના નિરૂપયોગી પદાર્થોનો સંગ્રહ કરવાથી અનેક જાતની બીજી પણ ધાર્મિક અને વ્યવહારિક હાનિ થાય છે. અને છેવટે આત્મા નરકને વિષે જાય છે. કામનો અંદાજ કર્યા વગર અધિક કરવું, એ વ્યવહાર માર્ગથી તદન વિપરીત છે. અને તેથી લોકોપવાદ અને નિંદાનો જન્મ થયા વગર રહેતો નથી. આ પ્રમાણે એ પાંચે અતિચારમાં અનેક જાતના દોષોનું સૂક્ષ્મ દર્શન કરી મહાત્માઓએ બીજા અનર્થ દંડ વિરતિ ગુણવ્રતની યોજના કરીછે અને તેનો નિરોધ કરી અનેક જાતના શિક્ષણો આપેલા છે.

આપણા વિશ્વોપકારી તે મહાત્માઓએ આ વ્રતની યોજનામાં અનેક જાતના લાભો દર્શાવ્યા છે. વ્યવહારના જે શુદ્ધ નિયમો છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને માણુસ પોતાના તાબામાં લઇ અથવા પોતે તેને તાબે થઇ અધિકાધિક સુખી થતું ચાલે, એ મહાત્માઓનો અંતરંગ ઉદ્દેશ છે. ધર્મ નિયમોને યથાર્થ અનુસરવાથી સર્વ પ્રકારની જે અનુકૂલતા થાય, તેને માટે તેઓ સર્વદા ઇંતેજારી રાખતા હતા. મનુષ્યને નિયમ કે વ્રતનું સ્વરૂપ લક્ષ બહાર જવા દેવું વ્યાજબી નથી. સુખ શાને કહેવું, ઉત્તમતા શામાં છે, એ વાત પ્રત્યેક મનુષ્યે મનન કરીને સમજવી જોઇએ. ધર્મના નિયમો અને વિશ્વના વ્યવહારના નિયમોનો નિકટ સંબંધ છે. તે નિયમો જે પ્રકારે સારામાં સારી રીતે સચવાતા હોય ધર્મને બાધ ન કરનારા હોય તેવું જે વર્ત્તન, તેવું જે કૃત્ય, તે સારૂં અથવા ઉત્તમ છે અને તે વિનાનું ગમે તેવું તાત્કાલિક સુખ આપે તેવું હોય તથાપિ તે અધમ છે.

આ સિદ્ધાંત તેમના અંતરંગ હેતુઓથી સિદ્ધ થાય છે. પ્રેમ અને ઉપકારદ્વારા જ્ઞાન તથા વ્રત નિયમોનો વિસ્તાર કરવા ઇચ્છતા તે મહાત્માઓને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો થોડો છે. તે મહાત્માઓએ આ ગુણવ્રતોની યોજના કરી તે દ્વારા સૂચવ્યું છે કે, "આ સંસાર સુખ અને દુઃખ–એ ઉભય તત્ત્વોથી ભરપૂર છે.તેમાંથી સુખને તારવી કાઢવા પ્રયત્ન કરવાની ઇચ્છા હોય દુઃખોને દૂર કરવા અને કર્મોના ભારને હલકો કરવાની અભિલાષા હોય તો યથાશક્તિ વિરતિ ધર્મનો અંગીકાર કરવો. સર્વવિરતિ ન બને તો દેશવિરતિ સંપાદન કરવા પ્રયત્ન કરવો.જે નિયમમય ધર્મભાવના જીવન માત્રના હેતુ રૂપે ઇષ્ટ છે તે તેજ મનુષ્યના સર્વ આચાર વિચારની નિયંત્રી થવી જોઇએ. વ્રત નિયમ એ ધર્મ પ્રાસાદની ઊચ્ચ ભુમિકા સોપાન છે, એ સોપાન સંપાદન કર્યા વિના ધર્મની ઉચ્ચ ભુમિકામાં કદી પણ જઈ શકાતું નથી.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "એક વિનંતિ."

સવિનય જણાવવામાં આવે છે કે ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરી વિરચિત શ્રી અજ્ઞાનતિમિર ભાસ્કર ગ્રંથમાંની એક હકીકતના ખુલાસા માટે મુંબઈથી એક પોસ્ટ કાર્ડ વગર નામનો સભાને મળેલ છે, અને તેવોજ તેજ મતલબનો પત્ર મીંયાગામ વિદ્વદ્ રત્ન મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજને મળ્યો છે, જે અમોને તપાસ માટે મોકલવામાં આવ્યો છે તેમાં પણ નામ ન હોવાથી જવાબ કોને આપવો તે સુઝ ન પડવાથી આ માસિકદ્વારા તેવા પરમ ગુરૂ ભકતોને જણાવવા રજા લઈએ છીએ કે સભા તરફથી ઘણાં વર્ષ પહેલા છપાયેલ શ્રી અજ્ઞાન તિમિર ભાસ્કર ગ્રંથમાં જેજે સ્થળે આ પત્ર લખનાર ગુરૂ ભકતને, તેમજ બીજા અન્ય સ્વધર્મી બંધુઓને વાંચતા, વિચારતા જેજે ઠેકાણે ખુલાસા કરવા જેવું હોય કે કોઈ સ્થળે સ્ખલના માલમ પડે તો તેઓએ મેહેરબાની કરીને અમોને ખુલાસા સહિત લખી મોકલવું. જેથી ફેરફાર કરવા જેવું હશેતો મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની આજ્ઞાનુસાર બીજી આવૃત્તિમાં તેનો યોગ્ય સુધારો કરવામાં આવશે.

લી.

**જૈન આત્માનંદ સભા.**

## વર્તમાન સમાચાર.

મી. શીવજી દેવશીએ મુંબઇના પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની કોર્ટમાં મુનિરાજશ્રી નેમવિજયજી મહારાજ, અમદાવાદના શ્રીયુત્ નગરશેઠ ચીમનલાલ લાલભાઇ, ભાવનગરના રહીશ વોરા અમરચંદ જશરાજ, તથા શાહ કુંવરજી આણંદજી અને મુંબઈના રહીશ દલાલ મોહનલાલ હેમચંદ ઉપર બદનક્ષીની ફરીયાદ કરી હતી, જેમાં પ્રથમ નોટીસ કાઢી હતી; જેની સુનાવણી પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ મી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એસ્ટન સન્મુખ તા. ૨૦—૯—૧૧ ના રોજ નીકળી હતી જેમાં બંને પક્ષકારોના વકીલોની દલીલ સાંભળી સઘળાઓ ઉપરની નોટીશ રદ કરી હતી. આ સંબંધમાં વિશેષ ખુલાસો ઘણા વર્તમાન સમાચારો—પેપરોમાં આવી ગયેલ છે.

---

## પુસ્તક પહોંચ.

નીચે લખેલા પુસ્તકો અમોને ભેટ તરીકે મળ્યા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

| | |
|---|---|
| દશવૈકાલિક સૂત્ર. | શેઠ હીરાચંદ જુગરાજજી. શ્રી ગણપુરવાળા તરફથી |
| ચોવીશ જીન સ્તનાવળી. | જૈન સમાચાર પત્રના અધિપતિ. શ્રીઅમદાવાદવાળા તરફથી. |
| અષ્ટપ્રકારી પૂજા. | મુનિમહારાજ શ્રી વૃધ્ધિચંદજી જૈનવિદ્યાશાળા. ભાવનગર તરફથી. |
| સ્વર્ગના પરવાના. | શા. બાલુભાઇ કહાનદાશ. શ્રી ભાવનગરવાળા તરફથી |
| મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજી કૃત સ્તનાવળી. | શા. સોમચંદ સુરચંદ. શ્રી મીયાગામવાળા તરફથી |
| માંસાહારની વીરૂધ્ધ અને વનસ્પત્યાહારનાપક્ષમાં વૈદ્યકીય સિધ્ધાંતો. તમાકુના દુષ્પરિણામો. | શ્રી જૈન ડીગમ્બર માસિકના અધિપતિશ્રી સુરતવાળા તરફથી |
| ૧૦ ઉપમિતિ ભવ પ્રપંચના અંકો. ૨—૫—૬—૭-૮—૯-૧૦-૧૧-૧૨-૧૩ શ્રાધ્ધવિધિ ભાષાંતર. | વોરા ગોરધનદાશ હરખચંદ શ્રી ભાવનગરવાળા તરફથી. |

For Private And Personal Use Only